વડોદરાના મે.૫માં એડીશનલ સીવીલ જજ અને જયુડીશીયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ
કલાસ(ડી.વાય.પટેલ) સાહેબની કોર્ટમાં,

ફોજદારી કેસ નંબર– ૧૨૪૦૨/૨૦૨૦
આંક–

ફરિયાદી : શ્રી સરકાર.

આરોપી : પટેલ પંથ દિનેશભાઈ

ગુન્હો : એમ.વી. એકટ ૧૮૫ મુજબ.

<u>ચૂ કા દો</u>

૧. ફરિયાદપક્ષે આરોપી વિરૂધ્ધ એમ.વી. એકટ ૧૮૫ મુજબના ગુનાનુ ચાર્જશીટ રજુ કરેલ છે.

૨. આરોપીને ધોરણસર સમન્સની બજવણી થતાં તેઓએ કોર્ટ રૂબરૂ હાજર થતા, તેઓને ફરિયાદ અને દસ્તાવેજની નકલ આપી, આ ગુનો સ્વૈચ્છાએ કબુલાત કરવા માંગે છે, તેમ જણાવી તે અંગે કબુલાત પુરસીસ રજુ કરતાં, આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે, જેમાં આરોપીએ સ્વૈચ્છાપૂર્વક ગુનાની કબુલાત કરી, કેસનો નિકાલ કરવા માંગતા હોય, તેમજ ભવિષ્યમાં આવો ગુનો ન થાય, તેની કાળજી રાખવાનુ જણાવે છે, ફરિયાદપક્ષે રજુ ફરિયાદ, આરોપીની કબુલાત, આરોપીની આર્થિક–સામાજિક સ્થિતિ તેમજ કેસના વિશિષ્ટ સંજોગો વિગેરે હકીકતો ઘ્યાને લેતા, ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

<u>–:: હુ ક મ ::–</u>

આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૨ અન્વયે એમ.વી. એકટ ૧૮૫ મુજબ ના ગુનામાં તકસીરવાર ઠરાવી **<u>રૂા.૧૦૦૦/– (અંકે રુપીયા એક હજાર પુરા)નો દંડ</u>** તથા કોર્ટ ઉઠતા સુધીની સજા ફરમાવુ છુ, અને જો આરોપી દંડની રકમ ના ભરે તો આરોપીને દિન–૦૨ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલ કાર નં. **<u>જીજે ૧૬સી.એન.૮૭૭૪ ની કે જેની કીમત રુ.૪,૦૦,૦૦૦/–</u>** (અંકે રુપીયા ચાર લાખ પુરા)ની તેની માલીકીની ખરાઈ કરી માલીકી અનુસાર સુપ્રત કરવો. અને બાકીના મુદામાલનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામા આવે છે.

સદર હુકમ આજ રોજ તા.૧૦/૦૭/૨૦૨૧ના રોજ સ્પે.સીટીગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

વડોદરા
તા.૧૦/૦૭/૨૦૨૧

(ડી.વાય.પટેલ)
૫માં એડી.જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ. ક.,
કોડ નં.જી.જે.૦૧૫૧૫
વડોદરા.